# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**


**તા.૧૦/૦૩/૨૦૨૫ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૩૨૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૫૭ લીટર દેશી દારૂ, ૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતું. તેમજ જુગાર ધારા હેઠળ ૯ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૯,૫૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૩૨૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૩૨૯/૨૦૨૫**

**નવરંગપુરાઃ** હર્ષ મોહનભાઇ જડીયા (સોની) (ઉ.વ.૩૯) (રહે. સુર્યજા બંગ્લોઝ સારથી હોટલની બાજુમાં બોડકદેવ વસ્ત્રાપુર) એ તા.૦૯/૦૩/૨૦૨૫ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે હર્ષ જડીયા નાઓ નવરંગપુરા સી.જી.રોડ લાલ બંગલા સામે સેજલ શોપીંગ સેન્ટરમાં દુકાન નંબર–૫ સત્યનારાયણ જે જડીયા એન્ડ સન્સ જવેલર્સ પ્રા.લી.નામની જવેલર્સની દુકાન ધરાવી ધંધો કરતા હોય તા.૦૯/૧૨/૨૦૨૩ થી તા.૨૩/૧૨/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન દુકાન ખાતેથી આરોપી ગૌરવ ચિરંજીલાલ કંસારા (રહે. હૈદર મસ્જીદ પાછળ ગોપેશ્વર બસ્તી ગંગા શહેર બીકાનેર રાજસ્થાન) દાગીના બનાવવા માટે ૨૮૭.૫ ગ્રામ ૨૪ કેરેટ સોનું તથા ૬.૯૬૨ કિલો શુદ્ધ ચાંદી મળી કિમત રૂપિયા ૨૦,૫૮,૮૬૨/– લઇ જઇ દાગીના નહી બનાવી આપી કે સોનુ–ચાંદી પરત નહીં આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુંઃ–** **સમાચાર યાદી નં.૩૩૦/૨૦૨૫**

**મેઘાણીનગરઃ** ટીનીબહેન ઉર્ફે પિન્કીબહેન મફતલાલ ઓડ (ઉ.વ.૩૫) (રહે. પટણીવાસ કુંભાજીની ચાલી ભાર્ગવ રોડ મેઘાણીનગર) તા.૦૮/૦૩/૨૦૨૫ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ચુલા ઉપર પાણી ગરમ કરતા હતા ત્યારે ચુલાની બાજુમાં કેરોસીન ભરેલ ડબ્બાને ટીનીબહેનનો હાથ અડી જતા કેરોસીન ઢોળાઇ જતા ભડકો થતા ટીનીબહેન દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૯/૦૩/૨૦૨૫ કલાક ૦૦/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.પટેલ ચલાવે છે.

**ટ્રેઈનની અડફેટમાં આવી જતા મૃત્યુંઃ-** **સમાચાર યાદી નં.૩૩૧/૨૦૨૫**

**બોડકદેવઃ** નિમેષભાઈ મનુભાઈ નાયક (રહે. પ્રગતિનગર ફલેટસ નારણપુરા) તા.૦૯/૦૩/૨૦૨૫ કલાક ૩/૩૦ વાગ્યાના સુમારે સોલા બ્રીજ નીચે રેલવે ટ્રેક ઉપર ટ્રેઈનની અડફેટમાં આવી જતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દેવેન્દ્રસિંહ જીતેન્દ્રસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૩૨/૨૦૨૫**

**નરોડાઃ** લોબો કેદાર ગઢસરા (રહે. ઢાકણીપુરા મધુવન કોલોની રબારીવાસ સામે નાના ચિલોડા નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૩/૨૦૨૫ રાતના ૮/૪૫ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે છતના ભાગે લોખંડની પાઈપ સાથે રુમાલ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કિરીયભાઇ વિઠ્ઠલભાઇ ચલાવે છે.

**નિકોલઃ** પ્રતાપભાઈ મોહનભાઈ ઠાકોર (ઉ.વ.૩૯) (રહે.ભોઈવાસ કઠવાડા ગામ નિકોલ) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૩/૨૦૨૫ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સિંગરવા સરકારી હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જીતેન્દ્રકુમાર ગણપતસિંહ ચલાવે છે.

**રામોલઃ** રામોલ સીટીએમ શકરી બા પાર્ટી પ્લોટની બાજુમાં આવેલ ભગવતી એસ્ટેટ શેડ નંબર-૭ ખાતે જતીન એન્જીનીયરીંગ નામનુ કારખાનું ધરાવી વેપાર ધંધો કરતા સુનિલ રામનાથ હેડાઉ (ઉ.વ.૪૮) (રહે. ધરતી સ્ટેટસ સુર્યમગ્રીન સામે ન્યુ.આર.ટી.ઓ.રોડ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૩/૨૦૨૫ સવારના ૭/૦૦ થી ૭/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન કારખાના ખાતે પંખા સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.ઇ.શ્રી એસ.ડી.દેસાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી